सत्यमेव जयते

**આંક–૦૯**
દાખલ તારીખ– ૨૨/૦૬/૨૦૨૬
રજી. તારીખ – ૨૨/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ – ૦૪/૦૭/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૧૨

## દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

**ફોજદારી પરચુ. અરજી નં.૨૦૨/૨૦૨૬**

નારાયણભાઈ મોહનસીંહ રાઠોડ

ઉ.વ.આ.૨૭, ધંધો–વેપાર,

રહે.કલ્યાણપુરા, તા.કલ્યાણપુરા, જી.ઝાબુઆ, મધ્યપ્રદેશ.

**.....અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન અરજી.**

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી ડી.એમ.દાસાણી**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી**

**– ચુ કા દો –**

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ રજુ કરી તેઓને પીપલોદ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજી. નં.૧૧૮૨૧૦૫૨૨૬૦૬૬૧/૨૦૨૬, પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨)(૩), ૩૪૦(૨) મુજબના ગુનાના કામે ત.ક.અમલદાર તેઓની ધરપકડ કરે તેવી દહેશત હોવાનું જણાવી અરજીમાં જણાવેલ જુદા–જુદા કારણોને લક્ષમાં લઈ અરજદારને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૩) અરજદારના વિ.વકીલશ્રી ડી.એમ.દાસાણીનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે બનાવ સ્થળે અરજદારની હાજરી નથી. અરજદારના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. કહેવાતો મુદ્દામાલ અરજદારના કબજામાંથી મળ્યો નથી. ગુનામાં સંડોવાયેલ વાહન અરજદારની માલીકીનું હોવાના માત્રના કારણસર પોલીસ તેઓની ધરપકડ કરે તેમ છે. અગાઉ કોઈ ગુનો નોંધાયેલ નથી. અરજદાર વિનાયક મેડીકલ સ્ટોર્સના નામથી વેપાર ધંધો કરે છે. અરજદાર કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. નાસીભાગી જાય તેવા નથી. ફરિયાદમાં અરજદારનું નામ શકના આધારે આપવામાં આવેલ છે. અરજદારની ધરપકડ થાય તો તેઓની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેમ છે. અરજદાર ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. ગુનાના અન્ય અગાઉ પકડાયેલ આરોપીઓને નામદાર ગુજરાત વડી અદાલતે ફોજદારી પરચુ. અરજી નં.૧૪૩૭૦/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા છે. ઉપરોક્ત તમામ સંજોગો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના સિધ્ધરામ સતલીંગપ્પા મ્હેત્રે વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના

ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લઈ આગોતરા જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાએ ભારપૂર્વક જણાવેલ છે કે અગાઉ પકડાયેલ આરોપીઓએ તેમના કબજા ભોગવટાની સ્વીફ્ટ કારમાં ખોટી નંબર પ્લેટ લગાવી ભારતીય બનાવટની વિદેશી દારુની પેટીઓ નંગ–૧૫, કુલ બોટલો નંગ–૭૨૦, કિંમત રુ.૧,૬૯,૯૨૦/– ની કિંમતનો પ્રતિબંધીત મુદ્ધામાલ મળી આવ્યો છે. અરજદાર પકડાયેલ વાહનના માલીક છે. હાલ ગુનાની તપાસ ચાલુ છે. અરજદારને આગોતરા જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો તપાસને અસર થાય તેમજ આવી પ્રવૃત્તિ કરનારાઓને વેગ મળે તેમ હોય આગોતરા જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, તા.૦૭/૦૬/૨૦૨૬ ના રોજ પીપલોદ પોલીસ સ્ટાફના માણસો ભથવાડા ટોલનાકા ખાતે વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા તે વખતે બાતમી મળેલ કે દાહોદ તરફથી એક સફેદ સ્વીફ્ટ ફોર વ્હીલ ગાડી નં.જી.જે.૦૬. એલ.બી.૭૧૯૨ માં ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો ભરી ટોલનાકાથી પસાર થનાર છે જેથી પંચોને સાથે રાખી વોચમાં ઉભા હતા તે વખતે બાતમીવાળી સ્વીફ્ટ કાર આવતા ઉભી રખાવતા તેની ડ્રાઈવર શીટ ઉપર એક ઈસમ બેઠેલ તેનું નામઠામ પુછતા (૧) ઉદયસીંહ નારસીંહ વાગુલ તથા તેની બાજુની શીટમાં બેસેલ ઈસમનું નામઠામ પુછતા (૨) રાકેશભાઈ મનીયાભાઈ ડામોર હોવાનું જણાવેલ અને ગાડીની ડીકીમાંથી વિદેશી દારુની પેટીઓ નંગ–૧૫, જેમાં કાચની તથા પ્લાસ્ટીકની કુલ બોટલો નંગ–૭૨૦, કિંમત રુ.૧,૬૯,૯૨૦/– નો પ્રોહી મુદ્ધામાલ મળી આવેલ છે. મુદ્ધામાલ જે વાહનમાંથી મળી આવેલ તે હાલના અરજદારની માલીકીનું હોવાનું તપાસ દરમ્યાન મળી આવેલ છે.

(૬) અરજદારના વિ.વકીલશ્રીની રજુઆત છે કે ગુનાના અન્ય અગાઉ પકડાયેલ આરોપીઓને નામદાર ગુજરાત વડી અદાલતે ફોજદારી પરચુ. અરજી નં.૧૪૩૭૦/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા છે જેથી હાલના અરજદારને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા જોઈએ પરંતુ રેગ્યુલર જામીન અરજી તથા આગોતરા જામીન અરજી નિર્ણીત કરવાના પરીબળો અલગ અલગ છે. **નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષનો ચુકાદો ૨૦૨૦(૩) જી.એલ.એચ. પેજ નં.૧૩૯ (જાવેદ આનંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત)**માં નામદાર વડી અદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે આગોતરા જામીન અરજીની વિચારણા ખાસ અપવાદરુપ સંજોગોમાં જ કરવી જોઈએ તેમજ અરજદારને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ હોય અથવા અરજદારને હેરાન કરવાના ઈરાદાથી ખોટો કેસ કરેલાનું મળી આવે તો તેવા સંજોગોમાં આગોતરા જામીન અરજીની વિચારણા કરી શકાય. આ કામે રજુ આંક-૮ નું ત.ક.અમલદારનું સોગંદનામું જોવામાં આવે તો અરજદારના ગુનાહિત ઈતિહાસના કોલમમાં "ના" લખેલ છે પરંતુ મુદ્દામાલ જે વાહનમાંથી મળી આવેલ તેના માલીક તરીકે હાલના અરજદાર હોવાની હકીકત તપાસમાં મળી આવેલ છે. પકડાયેલ સ્વીફ્ટ કારમાં જે રીતે ખોટી નંબર પ્લેટ લગાવી આટલી મોટી માત્રામાં પ્રોહી મુદ્દામાલ હેરફેર કરતા મળી આવેલ છે તે જોતા ગુનાની ગંભીરતા વધી જાય છે. આમ, અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય ગુનો હોવાની હકીકત ખુલવા પામેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો તથા ગુનાની ગંભીરતાને લક્ષમાં લેતા અરજદારની કસ્ટડી દરમ્યાન પુછપરછ કરવામાં આવશે તો ગુનાને લગતી વધુ ફળદાયી હકીકતો મળી આવે તેવી શક્યતા છે તે સંજોગોમાં ઉપરોક્ત તમામ હકીકતોને લક્ષમાં લેતા અરજદારની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ ની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતું ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદાર નારાયણભાઈ મોહનસીંહ રાઠોડ, રહે.કલ્યાણપુરા, તા.કલ્યાણપુરા, જી.ઝાબુઆ, મધ્યપ્રદેશનાઓની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.
- હુકમ આજ તા.૪થી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૭/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી